RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૬૪ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી બી.સી.સોનવણે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી.સી.સોનવણેની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઉન કોયલી ખાડી સુધી પૂર્વ અને પશ્ચિમમાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ છે ? અને કેટલા ઠેકાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે ? (૨) ભેસ્તાન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલજીના પુતળાની પૂર્વ દિશામાં ૧૦૦ ફુટનું ડીમોલેશન સંપૂર્ણ થયેલ છે કે નહી ? અને જો ૧૦૦ ફુટનું સંપૂર્ણ ડીમોલેશન થયેલ ના હોય તો તે બાકીનું ડીમોલેશન કયારે કરવાના છો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૪/૨૦૧૧–૧૨

શ્રી બી.સી.સોનવણેની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ઉનથી કોયલી ખાડી સુધી પૂર્વ અને પશ્ચિમમાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ છે ? અને કેટલા ઠેકાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે ? (૨) ભેસ્તાન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલજીના પુતળાની પૂર્વ દિશામાં ૧૦૦ ફુટનું ડીમોલેશન સંપૂર્ણ થયેલ છે કે નહી ? અને જો ૧૦૦ ફુટનું સંપૂર્ણ ડીમોલેશન થયેલ ના હોય તો તે બાકીનું ડીમોલેશન કયારે કરવાના છો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૨)ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી આજદિન સુધી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૨૮૯ તા.૨૦–૧૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૨–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધના ઝોનને કરવામા આવેલ. જે અંગે અરજદારે માંગેલ માહિતી આજદિન સુધી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ ને તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) ઉન કોયલી ખાડી સુધી પૂર્વ અને પશ્ચિમમાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ છે ? અને કેટલા ઠેકાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે ? મુદ્દા નં. (૨) ભેસ્તાન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલજીના પુતળાની પૂર્વ દિશામાં ૧૦૦ ફુટનુ ડીમોલેશન સંપૂર્ણ થયેલ છે કે નહી ? અને જો ૧૦૦ ફુટનું સંપૂર્ણ ડીમોલેશન થયેલ ના હોય તો તે બાકીનું ડીમોલેશન કયારે કરવાના છો ? મુદ્દા નં.(૩) ભેદવાડ, પ્રેમનગર વિસ્તારમાં પ્રગતિ ફેશન મીલથી ભેદવાડ ખાડી સુધી પશ્ચિમ દીશામાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલીશન કરવામાં આવેલ છે? મુદ્દા નં.(૪) ભેદવાડ (દર્ગા) વિસ્તારમાં ત્રિરશ્મી મહા બુધ્ધ વિહારથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધી પશ્ચિમ દીશામાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલીશન કરવામાં આવેલ છે? મુદ્દા નં. (૫ )ભેદવાડ, પ્રેમનગર વિસ્તારમાં પ્રગતિ ફેશન મીલથી ભેદવાડ ખાડી સુધી પશ્ચિમ દીશામાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલીશન કરવાનું બાકી છે? મુદ્દા નં.(૬) ભેદવાડ (દર્ગા) વિસ્તારમાં ત્રિરશ્મી મહા બુધ્ધ વિહારથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધી પશ્ચિમ દીશામાં કેટલા ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલીશન કરવાનું બાકી છે? મુદ્દા નં.(૭) ભેદવાડ (દર્ગા) વિસ્તારમાં ત્રિરશ્મી મહા બુધ્ધ વિહારથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધી પશ્ચિમ દીશામાં જે જે ઠેકાણે નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે તો તે બાકીનું ડીમોલેશન કયારે કરવાના છો? મુદ્દા નં.(૮) ભેદવાડ, પ્રેમનગર વિસ્તારમાં પ્રગતિ ફેશન મીલથી ભેદવાડ ખાડી સુધી પશ્ચિમ દીશામાં જે લોકોનું નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ છે. તેવા કેટલા લોકોને મકાન અથવા દુકાન ફાળવી આપવામાં આવેલ છે. તે નામોની યાદી આપવી? મુદ્દા નં. (૯) ભેદવાડ (દર્ગા) વિસ્તારમાં ત્રિરશ્મી મહા બુધ્ધ વિહારથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધી પશ્ચિમ દીશામાં જે લોકોનું નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ છે. તેવા કેટલા લોકોને મકાન અથવા દુકાન ફાળવી આપવામાં આવેલ છે. તે નામોની યાદી આપવી? મુદ્દા નં.(૧૦) ભેદવાડ પ્રેમનગર વિસ્તારમાં પ્રગતિ ફેશન મીલથી ભેદવાડ ખાડી સુધી પશ્ચિમ દીશામાં જે લોકોને મકાન ફાળવી આપવામાં આવેલ છે તેમ છતાં તે લોકોના મકાનનું નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે તેવા લોકોની નામની યાદી આપવી? મુદ્દા નં.(૧૧) ભેદવાડ (દર્ગા) વિસ્તારમાં ત્રિરશ્મી મહા બુધ્ધ વિહારથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધી પશ્ચિમ દીશામા જે લોકોને મકાન ફાળવી આપવામાં આવેલ છે તેમ છતાં તે લોકોના મકાનનું નિયમ પ્રમાણે ૧૦૦ ફુટનું ડીમોલેશન કરવાનું બાકી છે તેવા લોકોની નામની યાદી આપવી? મુદા નં.(૧૨) કોયલી ખાડીના બ્રીજથી જીવન જયોત સિનેમા સુધીના પૂર્વ બાજુએ ૧૦૦ ફુટનો રસ્તો ઉપલબ્ધ છે કે નહીં અને જો ના હોય નો સદર વિસ્તારનું ડીમોલેશન

આપ કયારે કરવાના છો? જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી ધ્વારા કોઈ પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાતુ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૨–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી બી.સી.સોનવણે,